રે.દી.મુ.નં.૭૩/૧૬

**—: અાંક—૫ લગત હુકમ :—**

**।૧।** વાદીઓની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, વાદીઓએ પ્રતિવાદીઓ સામે તેઓનો કાયદેસરનો ખેડવાણ જમીનમાં થતો વારસાઈ હકક મેળવા માટેનો દાવો કરેલ છે. આ અરજીને તે દાવાનો એક ભાગ ગણવા અરજ કરેલ છે. વાદીઓ તથા પ્રતિવાદીઓ મુળ માણાવદર તાલુકાના પાજોદ ગામના રહીશ છે અને હાલ દાવામાં જણાવ્યા મુજબના સરનામે રહે છે. પ્રતિવાદી નં.૧ વાદીઓના પિતા થાય છે તથા પ્રતિવાદી નં.ર તથા ૩ ના વાદીઓની ઓરમાની બહેનો થાય છે. વાદીઓના પિતાશ્રીએ બીજા લગ્ન કરતા પ્રતિવાદી નં.ર, ૩ નો જન્મ થયેલ છે. વાદીઓના સગા માતૃશ્રી વાદીઓ નાના હતા ત્યારથી અવસાન પામેલ છે. વાદીઓના પિતાશ્રી વાદીઓની નવી માતૃશ્રીની ચડામણીથી તમામ મિલ્કતો તેની બે પુત્રીઓ પ્રતિવાદી નં.ર,૩ ને આપવા માગે છે અને વાદીઓનો કાયદેસરનો હકક મિલ્કતમાં હોવા છતાં ડુબાડી દેવા માગે છે. વાદીઓ પ્રતિવાદી નં.૧ ના સંતાન હોવા છતાં પ્રતિવાદી નં.૧ નાએ વાદીઓ સાથે સંતાન તરીકેનો વ્યવહાર કરેલ નથી કે વાદીઓને તેઓની ઘરે પણ આવવા દેતા નથી. વાદીઓને વર્ષો પહેલા ઘરેથી ત્રણ કપડાભેર કાઢી મુકેલ છે. હાલ વાદી નં.૧ ના રાજકોટ મુકામે મજુરીકામ કરી તેમના કુટુંબનું ભરણપોષણ કરે છે. વાદીઓએ પ્રતિવાદી નં.૧ ને જમીનનો ભાગ આપવા માટે અવાર નવાર જણાવવા છતાં પણ ભાગ આપતા નથી. છેલ્લે એકાદ માસ પહેલા વાદીઓએ તેમના પિતાશ્રીને જણાવેલ કે હવે આ જમીનનો ભાગ આપો મારે છોકરા પણ મોટા થયેલ છે. તો એકદમ ઉશ્કેરાઈ ગયેલ અને જણાવેલ કે મારે તને અથવા તો તારી બહેનોને કાઈ આપવાનું નથી તેથી હાલનો દાવો કરવાની ફરજ પડેલ છે. માણાવદર તાલુકાના પાજોદ મુકામે વાદીઓની સંયુકત કુટુંબની ખેડવાણ જમીન ખાતા નં.૨૫૩, સ.નં.૧૯૯/પૈકી ૧ હે.આરે.૩.૭૯.૩૮, આકાર ૩૩.૭૫ તથા રહેણાંકના મકાન આવેલ છે. રહેણાંકના મકાનમાં હાલ કોઈ ભાગ માગતા નથી પરંતુ

ભવિષ્યમાં ભાગ માગવાનો હકક ખુલ્લો રાખે છે. સદરહુ મિલ્કત સંયુકત કુટુંબની વડીલોપાર્જીત મિલ્કત છે. આ મિલ્કત પ્રથમ વાદીઓના દાદા ગંગદાસ જેમાલ હેરમાના નામે હતી. ત્યારબાદ તેઓના વારસો વચ્ચે ભાગ પડતા આ દાવા અરજી પારા–૩ માં બતાવેલ મિલ્કત વાદીઓના પિતાશ્રી એટલે કે પ્રતિવાદી નં.૧ ના ભાગમાં આવેલ. વાદીઓ પ્રતિવાદી નં.૧ ના કાયદેસરના વારસદારો છે. હિન્દુ વારસા ધારા પ્રમાણે વાદીઓનો કાયદેસરનો આ મિલ્કતમાં ભાગ થાય છે તે માટે આ દાવો કરેલ છે. પ્રતિવાદી નં.૧ ની ઈચ્છા વાદીઓને આ મિલ્કતમાં કોઈ ભાગ દેવાની નથી. આ મિલ્કતમાં વાદીઓનો કાયદેસરનો હકક થાય છે અને મિલ્કતનો હજી પાર્ટીશન થયેલ નથી અને આ મિલ્કતનો કાયદા મુજબ વાદીઓને ઉપયોગ અને ઉપભોગ કરવાનો સંયુકત રીતે હકક, અધિકાર છે. વાદીઓનો પ્રાઈમાફેશી કેસ છે. બેલેન્સ ઓફ કન્વીનીયન્સ તથા ઈર રીપેરેબલ લોસની દ્રષ્ટિએ જોઈએ તો પણ આ મિલ્કત પ્રતિવાદીઓ અન્ય કોઈ રીતે હસ્તાંતર કરે અને અન્ય કોઈ રીતે આપી દે તો વાદીઓના બંધારણીય હકકને નુકશાન જાય અને વાદીઓના કુટુંબને ભુખે મરવાનો વારો આવે અને વાદીઓને નાણાંમાં ન પુરી શકાય એટલી નુકશાની જાય એમ છે. જો મનાઈ હુકમ આપવામાં આવે તો પ્રતિવાદીઓને કોઈ નુકશાન નથી. વાદીઓએ પ્રતિવાદીઓ કે તેના વાલી, વંશ, વારસો, એજન્ટો કે મુખત્યાર માણાવદર તાલુકાના પાજોદ ગામે આવેલ દાવા અરજી પેરા–૩ માં બતાવ્યા મુજબની ખેડવાણ જમીન અન્ય કોઈ વેચાણ, ગીરો, કે અન્ય કોઈ રીતે હસ્તાંતરીક કરે નહી તેમજ વાદીઓને તેનો ઉપયોગ અને ઉપભોગ કરતા અટકાવે નહી તેવો કાયમી મનાઈ હુકમ પ્રતિવાદીઓ સામે ફરમાવવા દાદ માંગેલ છે.

।૨। વાદીના દાવા તથા મનાઈ હુકમની અરજીના સમન્સ/નોટીસની પ્રતિવાદીઓને કાયદેસર બજવણી કરવામાં આવતા પ્રતિવાદીઓએ પોતાના વકીલ મારફતે હાજર થઈ આંક–૯ થી વાદીના દાવા તથા મનાઈ હુકમની અરજીના જવાબ વાંધા સંયુકતપણે રજુ કરી વાદીના દાવાની તમામ હકીકતોનો

મહદઅંશે ઈન્કાર કરેલ છે અને વધુમાં જણાવેલ છે કે, પ્રતિવાદી નં.૧ હરદાસભાઈ ગંગદાસભાઈ હેરમા એ તમામ પક્ષકારોના પિતાશ્રી થાય છે. હિન્દુ સકસેશન એકટ તથા હિન્દુ લો ના પ્રોવીઝનો ઘ્યાને લેતા અને ખાસ કરીને વારસા અધિનિયમ ૧૯૫૬ ની કલમ–૪ અને ૬ તથા અન્ય કાયદાઓ ઘ્યાને લેતા પ્રવર્તમાન કોઈપણ કાયદાની કલમ લાગુ પડશે નહી અને પિતાની હૈયાતીમાં પુત્ર કે સંતાનો ભાગનો દાવો લાવી શકે નહી. વાદીના એડમીશન મુજબ પ્રતિવાદી નં.૧ ના પિતાશ્રી એટલે કે કુટુંબના વડા હોય અને કર્તા હોય અને વાદગ્રસ્ત જમીનના કબજેદાર હોય આ સંજોગોમાં હિન્દુ લોના આર્ટીકલ ૩૫ મુજબ કર્તા સામે ભાગનો દાવો લીગલી ટેનેબલ નથી. હિન્દુ લો ના આર્ટીકલ ૩૦૭ મુજબ તથા અન્ય પ્રોવીઝન મુજબ તથા સી.પી.સી. ઓર્ડર ૭, રૂલ–૧૧ હેઠળ પ્રતિવાદી નં.૧ ની હૈયાતીમાં આ દાવાને કોઈ લીગલ કોઝ ઓફ એકશન ન હોય તેથી દાવો તથા મનાઈ હુકમની અરજી રદ થવાને પાત્ર છે. વાદી નં.૧ ના પ્રથમ પત્ની જેઠીબેનનું અવસાન થયા બાદ વાદી નં.૧ નાએ બીજું લગ્ન બબીબેન ઉર્ફે અજુ મુળુ ચૌહાણ, રહે.સતાપુર(વાંસજાળીયા) સાથે કાયદેસરના પુનઃલગ્ન કરેલ છે અને તે વખતે વાદગ્રસ્ત જમીનમાંથી આથમણી બાજુથી જમીન વિઘા ૧૦ જુદી કરી તેનો કબજો અજુબેનને ભરણપોષણ માટે સોંપી આપેલ છે જે બાબતનું લખાણ સ્ટેમ્પ અનુક્રમ નં.૨૨૮ તથા ૨૨૮/૧ ઉપર તા.૩/૧૦/૧૯૮૦ ના રોજ થયેલ છે. આ બાબત વાદી પ્રથમથી જ જાણે છે છતાં તે ૧૦ વિઘા જમીનની બાબત હાલના દાવામાં જણાવેલ નથી અને મટીરીયલ ફેકટનું સપ્રેશન કરેલ હોય, સમગ્ર ૩૦ વિઘા જમીન ઉપર હાલનો દાવો કરેલ હોય નામ.ગુજરાત હાઈકોર્ટના ૧૯૮૮(૨) જી.એલ.આર. પેઈઝ નં.૯૦૨ ના ચુકાદા મુજબ દાવો તથા મનાઈ હુકમની અરજી રદ્દ થવાને પાત્ર છે. વાદીના દાવાને નોન જોઈન્ડર ઓફ નેસેસરી પાર્ટીનો સ્પષ્ટ બાધ નડે છે. વાદીએ હાલના દાવામાં અજુબેન ઉર્ફે બબીબેનને જરૂરી પક્ષકાર તરીકે જોડેલ નથી. વાદીએ હાલના દાવા સાથે જે મનાઈ હુકમની અરજી કરી પ્રતિવાદીઓ સામે કાયમી મનાઈ હુકમ માંગેલ છે. કાયદા મુજબ આ સ્ટેજે હંગામી મનાઈ હુકમ માંગવો જોઈએ.

વાદીએ માંગ્યા મુજબનો કાયમી મનાઈ હુકમ આપવામાં આવે તો પ્રતિવાદીઓ તેમની માલીકી હકકનો જમીનનો ઉપયોગ ઉપભોગ કરી શકે નહી. ૭–૧૨, ૮–અ જોતા પણ ખેત વિષયક ધિરાણ તગાવી તથા સરકારશ્રી તરફથી મળતા લાભો લેવામાં આવા મનાઈ હુકમથી પ્રતિવાદીઓને નાણામાં ન પુરી શકાય તેવું નુકશાન થાય તેમ છે. વળી ખેતી સિવાય પ્રતિવાદી પાસે આવકનું કોઈ સાધન નથી. તેથી વાદીને નહી પરંતુ પ્રતિવાદીઓને ભુખે મરવાનો વારો આવે તેમ છે અને સગવડતા અગવડતાની દ્રષ્ટિએ પણ પ્રતિવાદીઓને મનાઈ હુકમના કારણે ભયંકર અગવડતા થાય તેમ છે. વાદીને આવા મનાઈ હુકમથી કોઈપણ પ્રકારનો ફાયદો થાય તેમ નથી. વાદી નં.૧ વર્ષોથી બહાર રહે છે અને નં.૨ તથા ૩ ના પરણીને તેમના સાસરે છે તેથી આ મનાઈ હુકમ માત્ર પ્રતિવાદીઓને દબાવવાના હેતુથી માંગવામાં આવેલ છે. કાયદા મુજબ મનાઈ હુકમના કોઈ આવશ્યક તત્વો હાલની અરજીમાં નથી. વાદી નં.૧ ના તેની સ્વેચ્છાએ પ્રતિવાદીઓથી અલગ રહે છે. વાદી નં.૧ તે પ્રતિવાદી નં.૧ નો એકનો એક પુત્ર હોય તેથી તેનુ તેની ઈચ્છા મુજબ આઈ.ટી.આઈ.માં ડીઝલ મીકેનીકલ તરીકે જુનાગઢ મુકામે કોર્ષ કરાવેલ છે અને તે ડીઝલ મીકેનીકલ એન્જીનીયરની ડીગ્રી પણ ધરાવે છે. તેવી જ રીતે પ્રતિવાદી નં.૧ ની નવી અને જુની પત્નીની દીકરીઓને પણ સમાન રીતે રાખેલ છે અને સારા ઘર જોઈ ખુબ ખર્ચ કરી પરણાવેલ છે. વાદી નં.૧ ના લગ્ન પાજોદ મુકામેથી જ કરેલ છે. તે બાદ તેની પત્નીની જીદના કારણે લગ્ન બાદ એક જ માસમાં જુદા થવાની જીદ કરતા વાદી નં.૧ તેમની સ્વેચ્છાએ છેલ્લા ૨૨ વર્ષથી રાજકોટ મુકામે ચાલ્યા ગયેલ છે અને કયારેય પુત્ર તરીકેની કોઈ ફરજ બજાવેલ નથી, તેની નજર માત્ર પ્રતિવાદીની મિલ્કત વહેંચી રકમ પડાવવાની છે. પ્રતિવાદી નં.૨ તથા ૩ નાએ માતૃશ્રી અજુબેન સાથે મુલ મજુરી કરી મકાન પણ પાજોદ મુકામે પ્રતિવાદી નં.૧ નાએ ખરીદ કરેલ પ્લોટ ઉપર બનાવેલ છે. વાદીઓએ કયારેય પણ સાથ સહકાર આપેલ નથી. જેથી વાદીઓની મનાઈ હુકમની અરજી રદ્દ કરી પ્રતિવાદીઓને સ્પેશ્યલ કોસ્ટ અપાવવા અરજ કરેલ છે.

।૩। વાદીઓએ દાવા સાથે અંક–૪ ના લીસ્ટથી નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

માર્ક ૪/૧ પાજોદ ગામના ખેડખાતા નં.૨૫૩ ની ૮–અ ની નકલ.

માર્ક ૪/૨ પાજોદ ગામના સર્વે નં.૧૯૯/પી૧ ની ૭–૧૨ ની નકલ.

માર્ક ૪/૩ ગામ નમુના નં.૬ હકકપત્રક નોંધ નં.૪૩૮ તથા ૯૭૭ ની નકલ.

માર્ક ૪/૪ ગામ નમુના નં.૬ હકકપત્રક નોંધ નં.૩૦૯૧ ની નકલ.

માર્ક ૪/૫ ગામ નમુના નં.૬ હકકપત્રક નોંધ નં.૩૦૯૨ ની નકલ.

।૩.૧। પ્રતિવાદીઓ તરફે માર્ક ૧૧/૧ થી સ્ટેમ્પ અનુક્રમ નં.૨૨૮ માં કરેલ લખાણની ખરી નકલ તથા માર્ક ૧૧/૨ થી એસ.આઈ.સુરાણીને લખેલ ટપાલની ખરી નકલ રજુ કરેલ છે.

।૪। આ કામે વાદીઓ તરફે વિઘ્વાન વકીલ શ્રી જી.એલ.ઝાલાવડીયાની મૌખિક દલીલો સાંભળી તથા પ્રતિવાદીઓ તરફે વિઘ્વાન વકીલશ્રી એ.પી.ગાથાની મૌખિક દલીલો સાંભળી.

।૫। ઉપરોકત હકીકતોએ સદર અરજીના નિર્ણય માટે નીચે મુજબના મુદા ઉપસ્થિત થાય છે.

–: મુ દા :–

(૧) શું વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે ?

(૨) શું સગવડતા અગવડતાની સમતુલા વાદીની તરફેણમાં છે ?

(૩) શું માંગ્યા મુજબનો મનાઈ હુકમ નહી આપવાથી વાદીને નાંણાના સ્વરુપમાં ન નીવારી શકાય તેવું નુકશાન

થાય તેમ છે ?

(૪) શું હુકમ ?

। ૬ । ઉપરોકત મુદાઓનો મારો નિર્ણય કારણો સહીત નીચે મુજબ છે.

મુદા નં.૧ હકારમાં

મુદા નં.૨ હકારમાં

મુદા નં.૩ હકારમાં

મુદા નં.૪ આખરી હુકમ મુજબ.

**—: કા ર ણો :—**

**મુદા નં.૧ થી ૩ :—**

। ૭ । આ તમામ મુદાઓની ચર્ચા એકબીજા ઉપર આધારીત હોય, અવાર નવાર હકીકતોનું પુનરાવર્તન ટાળવા તમામ મુદાઓની ચર્ચા સાથે કરવામાં આવેલ છે.

। ૮ । આ કામે વાદી તરફે રજુ પુરાવો જોવામાં આવે તો માર્ક ૪/૧, ૪/૨ વંચાણે લેતા દાવાવાળી જમીનના ગામના નમુના નં.૮—અ તથા ૭—૧૨ રજુ થયેલ છે જેમાં દાવાવાળી જમીનમાં માલીક કબજેદાર તરીકે પ્રતિવાદી નં.૧ નું નામ છે. માર્ક ૪/૩ થી હકક પત્રકની એન્ટ્રી નં.૯૭૭ રજુ કરેલ છે જેમાં ગંગદાસ જેમલ ગુજરી જતા તેની અવેજીમાં તેમના દીકરા પ્રતિવાદી નં.૧ તથા કાનજી ગંગદાસ સગીરના વાલી મા બાઈ જશોદાનું નામ દાખલ કરવાની એન્ટ્રી છે. માર્ક ૪/૪ વંચાણે લેતા હકક પત્રક એન્ટ્રી નં.૩૦૯૧ રજુ થયેલ છે જે જશોદાબાઈ ગંગદાસ હેરમા ગુજરી જતા તેમનું નામ કમી કરવામાં આવેલ હોવાની એન્ટ્રી છે.

માર્ક ૪/૫ થી રજુ હકકપત્રક એન્ટ્રી નં.૩૦૯૨ મુજબ પ્રતિવાદી નં.૧ ના ભાગમાં સર્વે નં.૧૯૯, એકર ૯–૧૪ાા ગુંઠા તથા નવો કુવો પશ્ચિમ તરફનો આવેલ હોવાની એન્ટ્રી છે. આ કામે પ્રતિવાદી તરફથી રજુ પુરાવો જોવામાં આવે તો, માર્ક ૧૧/૧ થી કાળા ગંગદાસે બાઈ બબી ઉર્ફે અજુ મુળુ ચૌહાણને ઘરઘણુ થવાથી તેમના ભરણપોષણ પેટે દસ વિઘા જમીનનો કબજો સોંપવા અંગેનું લખાણ છે.

[૯] આ કામે ઉપર મુજબના પુરાવા વંચાણે લેતા,દાવાવાળી જમીન વાદી પ્રતિવાદીઓના વડીલના નામે આવેલ હોવાનું જણાય આવે છે અને ત્યારબાદ દાવાવાળી જમીનમાં વારસાઈ હકકથી પ્રતિવાદી નં.૧ નું નામ રેવન્યુ રેકર્ડમાં આવેલ છે. વાદીઓ પ્રતિવાદી નં.૧ ના સંતાનો છે. વાદીઓ તરફે રજુ પુરાવો વંચાણે લેતા દાવાવાળી જમીન બન્ને પક્ષકારોના વડીલ ગંગદાસ જેમાલ હેરમાના નામે રહેલ હતી અને ત્યારબાદ પ્રતિવાદી નં.૧ ના નામે રહેલ છે. પ્રતિવાદીઓ તરફે તકરાર લેવામાં આવેલ છે કે, વારસા અધિનિયમ ૧૯૫૬ ની કલમ–૪ અને ૬ તથા અન્ય કાયદાઓ ધ્યાને લેતા પ્રવર્તમાન કોઈપણ કાયદાની કલમ લાગુ પડશે નહી અને પિતાની હૈયાતીમાં પુત્ર કે સંતાનો ભાગનો દાવો લાવી શકે નહી જેથી દાવો તથા મનાઈ અરજી રદ થવાને પાત્ર છે તથા પ્રતિવાદી નં.૧ કુટુંબના વડા હોય અને કર્તા હોય વાદગ્રસ્ત જમીનના કબજેદાર હોય હિન્દુ લોના આર્ટીકલ ૩૫ મુજબ હાલનો દાવો તથા મનાઈ હુકમની અરજ રદ થવા પાત્ર છે. પ્રતિવાદીઓની સદર હકીકત હાલના તબકકે નકકી થઈ શકે તેમ નથી અને આ હકીકત ટ્રાયલના સ્ટેજે પુરાવો લઈને નકકી કરી શકાય. પ્રતિવાદી પોતાની દલીલમાં જણાવે છે કે, પ્રતિવાદી નં.૧ ના પ્રથમ પત્ની જેઠીબેનનું અવસાન થયા બાદ બીજું લગ્ન બબીબેન ઉર્ફે અજુ મુળુ ચૌહાણ સાથે પુનઃલગ્ન કરેલ છે અને તે વખતે વાદગ્રસ્ત જમીનમાંથી આથમણી બાજુથી ૧૦ વિઘા જમીનનો કબજો અજુબેનને ભરણપોષણ માટે સોંપી આપેલ છે જે બાબતનું લખાણ સ્ટેમ્પ અનુક્રમ નં.૨૨૮ તથા ૨૨૮/૧ ઉપર તા.૩/૧૦/૧૯૮૦ ના રોજ થયેલ છે. આ બાબત વાદી પ્રથમથી જ જાણે છે છતાં તે ૧૦ વિઘા જમીનની

બાબત હાલના દાવામાં જણાવેલ નથી અને મટીરીયલ ફેકટનું સપ્રેશન કરેલ છે. વધુમાં પ્રતિવાદીએ દલીલ કરેલ છે કે, વાદીએ હાલના દાવમાં અજુબેન ઉર્ફે બબીબેનને જરૂરી પક્ષકાર તરીકે જોડેલ ન હોય વાદીના દાવાને નોન જોઈન્ડર ઓફ નેસેસરી પાર્ટીનો બાધ નડે છે. વધુમાં પ્રતિવાદી જણાવે છે કે, વાદીએ હાલના દાવા સાથે જે મનાઈ હુકમની અરજી કરી પ્રતિવાદીઓ સામે કાયમી મનાઈ હુકમ માંગેલ છે તે કાયદા મુજબ આ સ્ટેજે હંગામી મનાઈ હુકમ માંગવો જોઈએ કાયમી મનાઈ હુકમ એ ડીક્રટલ ટુ ધ સ્યુટ હોય તેથી મળી શકે નહી. આમ, પ્રતિવાદીઓએ પોતાની દલીલોમાં જે બાબતોનો ઉલ્લેખ કરેલ છે તે બાબતો ટ્રાયલમાં પુરાવો લઈ નકકી કરી શકાય છે. હાલના તબકકે જયારે કામચલાઉ મનાઈ હુકમની અરજીનો નિર્ણય કરવાનો છે ત્યારે પ્રથમ દ્રષ્ટિએ રેકર્ડ પર દાવાવાળી જમીન સંબંધે પક્ષકારોનું શું સ્ટેટસ નીકળી આવે છે તેના આધારે નિર્ણય કરવાનો રહે છે.

।૧૦। આ કામે રજુ થયેલ રેકર્ડ જોવામાં આવે તો જો હાલના તબકકે દાવાવાળી મિલ્કતની યથાવત પરિસ્થિતિ જાળવી રાખવાનો હુકમ ન કરવામાં આવે તો પ્રતિવાદી નં.૧ તેઓની રેવન્યુ એન્ટ્રીના જોરે તેઓની પુત્રીઓ પ્રતિવાદી નં.૨ અને ૩ નું વાદગ્રસ્ત મિલ્કતના રેવન્યુ રેકર્ડમાં નામ ચઢાવી દે તેવી શકયતા રહેલી છે. જેથી પણ હાલના તબકકે બન્ને પક્ષકારોના પુરાવા લીધા બાદ જ વાદગ્રસ્ત તકરાર નકકી થઈ શકે તેમ છે. જેથી વાદીનો પ્રથમદર્શનીય કેસ છે, બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ વાદીના લાભમાં છે અને જો પ્રતિવાદી નં.૧ વાદગ્રસ્ત મિલ્કતમાં તેઓની પુત્રીઓ પ્રતિવાદી નં.૨ અને ૩ નું રેવન્યુ રેકર્ડમાં નામ ચઢાવી દે તો વાદીઓને નાણાંમાં ભરપાય થઈ શકે તેવું નુકશાન જાય તેમ છે. જેથી મુદ્દા નં.૧ થી ૩ નો જવાબ હકારમાં આપી, મુદ્દા નં.૪ પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## :: હુ ક મ ::

૧ : વાદીઓની આંક–૫ ની અરજી આથી અંશતઃ મંજુર કરવામાં આવે છે.

૨ : આથી આ કામના પ્રતિવાદીઓને દાવાવાળી જમીનમાં દાવાનો આખરી નિકાલ થતા સુધી યથાવત પરિસ્થિતિ જાળવી રાખવાનો હુકમ કરવામાં આવે છે.

૩ : અરજીનો ખર્ચ દાવાના પરીણામને અનુસરશે.

આજ તા.૦૭મી માહે સપ્ટેમ્બર સને ૨૦૧૭ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૭/૦૯/૨૦૧૭
માણાવદર

(સાહિલભાઈ રજાકભાઈ મુલતાની)
પ્રિન્સીપાલ સીવીલ જજ,
માણાવદર
GJ 01143